GJDH030013452026

**ક્રિમિનલ કેસ નં. ૧૧૫૩/૨૦૨૬**
**શ્રી સરકાર**
**વિરુદ્ધ**
**રાજુભાઈ ચંદુભાઈ બારીઆ**

सत्यमेव जयते

**Form–A, R.179A of Cr. Manual**

મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
શ્રી(એસ. આર. વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. દેવગઢ બારીઆ

આંક– ૧૪

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૧૧૫૩/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. નંબર | : | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન<br>પાર્ટ એ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૦૫૨૪૦૦૭૧/૨૦૨૪ |
| ગુનો | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબ |
| ફરિયાદી | : | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | : | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર |
| આરોપી | : | **રાજુભાઈ ચંદુભાઈ બારીઆ,**<br>રહે. દેવગઢ બારીઆ, રાણીવાવ ફળીયુ, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |
| આરોપી તરફે | : | વિદ્વાન વકીલ શ્રી ડી. એચ. બારીઆ |

**Form–B, R.179A of Cr. Manual**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૧૧/૦૧/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | : | ૨૦/૦૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | : | ૨૭/૦૨/૨૦૨૬ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | : | ૦૧/૦૫/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૦૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | લાગુ પડતું નથી. |
| સમયગાળો | : | **૦૦ વર્ષ ૦૩ મહિના ૨૭ દિવસ** |

## :: આરોપીની વિગત ::

| અનુ ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન કે નિર્દોષ | સજા | Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | રાજુભાઇ ચંદુભાઇ બારીઆ | ૨૫/૦૬/૨૦૨૪ | ૨૬/૦૬/૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | નથી |

**Form–C, R.179A of Cr. Manual**

## :: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::

| (એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ– (સી. આર. પી. સી. કલમ ૨૪૬ મુજબ) | | | |
|---|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **નામ** | **સાહેદના પ્રકાર** |
| ૧ | ૦૬ | ઉદેસીંહ સુરસીંહભાઇ પટેલની જુબાની | ફરિયાદી |
| ૨ | ૦૮ | પ્રવિણભાઇ લક્ષ્મણસીંહ બારીઆની જુબાની | પંચસાહેદ |
| ૩ | ૧૦ | વિક્રમસીંહ મંગળસીંહ બારીઆની જુબાની | પંચસાહેદ |

| (બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :– | | | |
|---|---|---|---|
| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
| –– | –– | –– | –– |

| (સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :– | | | |
|---|---|---|---|
| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
| –– | –– | –– | –– |

## :: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::

| (એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| ૦૧ | ૦૭ | ફરિયાદ |
| ૦૨ | ૦૯ | મુદ્દામાલ રીકવરી પંચનામુ |
| ૦૩ | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

| (બી) બચાવપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| – | –– | –– |

| (સી) કોર્ટ પક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| **અનુક્રમ** | **આંક** | **દસ્તાવેજ ની વિગત** |
| – | –– | –– |

**–//જજમેન્ટ//–**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ કલાક ૧૫:૩૦ વાગે મોજે દેવગઢ બારીઆ ગામે મામલતદાર ઓફીસના પાર્કીંગમાંથી આ કામના ફરિયાદીની મોટર સાયકલ નં. જી.જે.–૨૦–એએન–૭૯૬૫ કિંમત રૂ. ૩૦,૦૦૦/– ની આ કામના આરોપીએ ચોરી કરી લઇ જઈ ગુનો કરેલ છે. જેથી આ બાબતની ફરિયાદ આ કામના ફરિયાદીએ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

(૦૨) સદર કામે ફરિયાદીની ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નંબર–પાર્ટ એ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૦૫૨૪૦૦૭૧/૨૦૨૪ થી નોંધી તેની તપાસ હાલના તપાસ કરનાર અમલદારશ્રીને આપતાં તેઓએ તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ તથા મુદ્દામાલ રીકવરી પંચનામુ તથા જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીની વિરૂધ્ધ ફરિયાદવાળી ગુન્હાના કામે પુરતા પુરાવા પડતાં હોય તે બદલનું ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબની ચાર્જશીટ ફાઇલ કરતાં હાલના કામની ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેઓના વિ. વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીની સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ માં કરવામાં આવેલી જોગવાઇ મુજબ સદર કેસ વોરંટ ટ્રાયેબલની રીતે ચલાવી આરોપીની સામે આંક–૦૩ તહોમતનામુ ફરમાવી આરોપીને તહોમતનામુ વાંચી સમજાવી તથા સંભળાવીને આંક–૦૪ થી આરોપીનું સ્ટેટમેન્ટ રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૦૩) ફરિયાદ પક્ષ તરફે ત્યારબાદ આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ત્યારબાદ સબબ કામ આ કામના આરોપીના વધારાના નિવેદન માટે

રાખવામાં આવેલ પરંતુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરવા પાત્ર પુરાવો ઉપલબ્ધ ન હોય આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળેલ છે.

(૦૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે તથા આરોપી તરફેના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલો, ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા પુરાવાઓ વંચાણે લેતાં આ ફરિયાદના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે તા. ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ કલાક ૧૫:૩૦ વાગે મોજે દેવગઢ બારીઆ ગામે મામલતદાર ઓફીસના પાર્કીંગમાંથી આ કામના ફરિયાદીની મોટર સાયકલ નં. જી.જે.–૨૦–એએન–૭૯૬૫ કિંમત રૂ. ૩૦,૦૦૦/– ની આ કામના આરોપીએ ચોરી કરી લઇ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

(૦૫) ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૦૬) કોઇ પણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીએ ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે, જે કાંઇ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જ સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતાં હોય, તે કોર્ટમાં સાચુ બોલતાં હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂધ્ધ હિમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ. પી.ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલીક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું

જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતાં માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નીભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઇ પણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યુમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ ન્યાયાલયે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમા જુબાની આપતાં હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતાં હોતાં નથી અને કાયદાની આંટીઘુટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતાં હોય છે અને તેના કારણે જો ફરિયાદ પક્ષના કેસ ઉપર કોઇ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ. પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરિયાદ પક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ.

(૦૭) હાલના કામે આરોપીની સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબના ગુન્હાનું આક્ષેપ મુકવામાં આવેલ છે જેથી આરોપીની સામેનું આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે સૌ પ્રથમ આ કામના ફરિયાદીની મોટર સાયકલ નં. જી.જે.–૨૦–એએન–૭૯૬૫ કિંમત રૂ. ૩૦,૦૦૦/– ની આ કામના આરોપીએ ચોરી કરી લઇ ગયેલ હોવાની હકિકત શંકા રહિત પુરવાર કરવી જોઇએ.

(૦૮) આમ ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાને રાખી આ કામે ચર્ચાઓનું પુનરાવર્તન ન થાય તેવા હેતુથી મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદ પક્ષે આરોપીની સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવા માટે આ કામના ફરિયાદી ઉદેસીંહ સુરસીંહભાઇ પટેલનાઓને આંક–૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ સને.૨૦૨૪ મા બનેલ. બનાવ સમયે તેઓ મામલતદાર કચેરી દેવગઢ બારીઆ હતા અને બપોરે જમીને પાછો ઓફીસ આવેલ ત્યારે મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમા તેઓએ જોયેલ તો તેઓની બાઇક જોવા મળેલી નહી. જે બાઇક કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી ગયેલ છે તે બાઇક જીજે.–૨૦–એન–૭૯૫૬ ની હતી. તેથી તેઓએ બાઇક ચોરીની ફરીયાદ આપેલી. જેમાં તેઓની સહી છે. તેઓને તેઓની બાઇક પરત મળી ગયેલ છે તેઓ કેસ આગળ ચલાવવા માંગતો નથી.

વધુમાં આ કામના ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર ફરિયાદી જણાવે છે કે એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા સરકારી કચેરી આવેલી છે અને લોકોની અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે આજુબાજુ ગલ્લા

અને બીજી દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે તેઓની ફરીયાદમા તેઓએ કોઈ આરોપીનુ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે તેઓએ કોઈ આરોપીને બાઈક લેતા કે ચોરી કરતા જોયેલ નહી. એ વાત ખરી છે કે બાઈક કોની પાસેથી કબજે કરેલ તેનુ નામ તેઓને ખબર નથી.

(૦૯) સદર કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચસાહેદો હોસ્ટાઈલ થયેલ છે અને પંચનામામાં પોતાની ફકત સહિ ઓળખી બતાવે છે. તેમજ પોતાની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે પંચનામામાં સહિ સિવાય પંચનામામાં શું લખેલ તેની તેઓને કોઈ માહિતી નથી.

(૧૦) વધુમાં સદર કામે આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૦૯ થી મુદ્દામાલ કબજે લીધેલાનું પંચનામુ રજુ કરવામાં આવેલ છે અને તે દસ્તાવેજો આરોપી તરફે એડમીટ કરવામાં આવેલ છે પરંતુ હાલના કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ સાહેદોની સોગંદ ઉપરની જુબાની થકી ફરિયાદને સમર્થન મળતું ન હોવાથી તે દસ્તાવેજો આંકે પડી ગયેલ હોવા છતાં પુરવાર થયેલા માની શકાય તેમ નથી.

(૧૧) આ ઉપરાંત ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ આરોપી સામે આક્ષેપાયેલ તહોમત ફરિયાદ પક્ષે નિઃશંકપણે સાબિત કરવુ પડે એટલે કે શંકા રહીત પુરાવો આપવો પડે અને જો ફરિયાદ પક્ષ તે સાબિત ન કરી શકે તો આરોપીને શંકાનો લાભ મળવો જોઈએ. જેથી હાલના કામે આ કામના ફરિયાદીની મોટર સાયકલ નં. જી.જે.–૨૦–એએન–૭૯૬૫ કિંમત રૂ. ૩૦,૦૦૦/– ની આ કામના આરોપીએ ચોરી કરી લઈ ગયેલ હોવાની હકીકત પણ પુરવાર કરવી પડે જે હાલના કામે રજુ થયેલ પુરાવાને બારીકાઈથી વંચાણે લેતાં પુરવાર થતી નથી. આમ આ કામના ફરિયાદી તથા સાહેદની સોગંદ ઉપરની જુબાની ઉપરથી અત્રેની અદાલત સમક્ષ પડેલા પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરતાં ફરિયાદ પક્ષ તે હકીકત શંકા રહીત પુરવાર કરી શકેલ નથી.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપી સામેનો ગુનો શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ આવો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલની માલિકી અંગેની ખરાઈ કરી તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.
- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૨૩મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ:૨૩/૦૬/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીઆ**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**